વાહનચાલકની શોધખોળ માટે જવાહરનગર પોલીસની તપાસ શરૂ

# કોયલી નજીક ગંભીર અકસ્માત, નંદેસરીના યુવાનનું ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા શહેરની નજીક આવેલા કોયલી ગામ પાસે આજે સવારે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રોજગાર મેળવવાની આશા સાથે પોતાના ભવિષ્યને ઉજ્જવળ કરવા નીકળેલા એક 20 વર્ષીય યુવાનનું અકસ્માતમાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજતા પરિવાર અને સમગ્ર નંદેસરી ગામમાં શોકની લાગણી ફરી વળી છે. મળતી માહિતી મુજબ, નંદેસરી ગામના રહેવાસી દિગ્વિજયસિંહ દિલીપસિંહ પરમાર નામના યુવાન આજે સવારે પોતાની દિનચર્યા મુજબ ઘરથી નીકળ્યા હતા. તેઓ માણેજા ખાતે આવેલી કંપનીમાં એપ્રેન્ટિસશીપ માટે જઈ રહ્યા હતા. દરમિયાન, કોયલી ગામ નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે પહોંચતા જ કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર



ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવાનને સંભાળવાનો મોકો પણ ન મળ્યો અને ગંભીર ઈજાઓને કારણે દિગ્વિજયસિંહનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ મૃતકના પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. જે દીકરો થોડીવાર પહેલા જ હસતા મુખે ઘરેથી નીકળ્યો હતો, તેના અચાનક મૃત્યુના સમાચાર સાંભળી પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું. પિતા દિલીપસિંહ અને સ્વજનોનું રુદન જોઈ ત્યાં ઉપસ્થિત લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. એક આશાસ્પદ યુવાનનું આ રીતે અકાળે અવસાન થતા નંદેસરી પંથકમાં ભારે શોકની લાગણી જોવા મળી રહી છે. બનાવની જાણ થતા જ જવાહરનગર પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં પોલીસે અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા વાહનચાલકને પકડી પાડવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ અને અન્ય સાક્ષીઓની પૂછપરછ શરૂ કરી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, આ ઘટનાએ ફરી એકવાર માર્ગ સુરક્ષા અને બેફામ વાહનચાલકોનો મુદ્દો ચર્ચામાં લાવી દીધો છે.

બિલ્ડીંગ મટીરીયલના ટ્રેડર્સ સાથે છેતરપિંડી

# તમારો જૂનો કલાયન્ટ બોલું છું કહી રૂા.6.78 લાખની ઠગાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

ભાયલી વિસ્તારમાં રહેતા અને બિલ્ડીંગ મટીરિયલના ટ્રેડર સાથે રૂપિયા 6.78 લાખની છતરપિંડી કરાઈ છે. ફોન કરીને ઠગે હું તમારો જુનો ક્લાયન્ટ બોલું છું તેમ કહી વિશ્વાસ કેળવ્યા બાદ UPI અને OTP ની જાણકારી મેળવી લીધા બાદ તેમના ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. રૂપિયા પરત નહીં મળતા વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા શાલીગ્રામ બંગ્લોઝમાં રહેતા કપિલ દ્વારકાદાસ શાહ માંડવી ચાર રસ્તા પાસે બિલ્ડીંગ મટીરિયલનો વેપાર કરે છે.તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ, ગત સપ્ટેમ્બર મહિનામા તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને "શર્માજી" તરીકે ઓળખ આપી જૂનો ક્લાયન્ટ હોવાનો દાવો કર્યો હતો. વિશ્વાસમાં લેવા માટે આરોપીએ પહેલા UPI દ્વારા પૈસા મોકલ્યા હોવાનો કહ્યુ હતુ અને પછી વિવિધ UPI ID પર રકમ ટ્રાન્સફર કરવા કહ્યું હતુ. જેથી વેપારીએ અલગ-અલગ UPI ID પર રૂ. 91 હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં આરોપીએ QR કોડ કામ નથી કરતું કહી ડેબિટ કાર્ડની વિગતો અને CVV માગ્યા તેમજ OTP શેર કરાવવા કહ્યું હતુ. વિશ્વાસમાં આવી ગયેલા વેપારીએ અજાણતા OTP શેર કરી દીધો હતો ત્યારે શર્માજી તરીકેની ઓળખ આપના ઠગે તેમના ખાતામાંથી 08 અને 09 સપ્ટેમ્બર દરમિયાન અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા રૂ. 6.78 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. આરોપીએ વારંવાર ખાતરી આપીને વધુ OTP લઈ ઠગાઈ ચાલુ રાખી હતી. અંતે પૈસા પરત નહીં મળતા વેપારીએ પોતાની સાથે છળ થયો હોવાનો અહેસાસ થયો હતો.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ એડવાઈઝરી જાહેર કરી

# એન્યુઅલ પાસના નામે ચાલી રહેલા ફ્રોડ અંગે જનતાને ચેતવણી આપી

ગૂગલ સર્ચમાં આવતી અજાણી જાહેરાતો પર ક્લિક નહિ કરવા અપીલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ફાસ્ટેગ એન્યુઅલ પાસના નામે ચાલી રહેલા એક મોટા ફ્રોડ અંગે જાહેર જનતાને ચેતવણી આપી છે. આ કૌભાંડમાં ઠગ અસલી જેવી જ દેખાતી નકલી વેબસાઈટ્સ બનાવીને લોકોને છેતરી રહ્યા છે. આ નકલી પોર્ટલ્સ ગૂગલ સર્ચમાં ટોપ પર દેખાય તે માટે પેઈડ એડવટાઈઝમેન્ટ અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે સામાન્ય યુઝર્સ આસાનીથી છેતરાઈ જાય છે. નેશનલ હાઈવે ઓથોરિટીએ સોશિયલ મીડિયાના એક પ્લેટફોર્મ પર સ્પષ્ટ કર્યું છે કે, નાણાકીય નુકસાનથી બચવા માટે માત્ર વેરિફાઈડ ચેનલ્સનો જ ઉપયોગ કરવો જોઈએ. આ છેતરપિંડીની પદ્ધતિ વિશે વિગતવાર જણાવતાં ઓથોરિટીએ કહ્યું કે, જ્યારે યુઝર્સ આવી નકલી વેબસાઈટ્સ પર જાય છે, ત્યારે તેમની પાસેથી મોબાઈલ નંબર, વાહનનો રજિસ્ટ્રેશન નંબર અને પેમેન્ટની વિગતો જેવી સંવેદનશીલ માહિતી માંગવામાં આવે છે. પેમેન્ટ કર્યા પછી પૈસા સીધા સ્કેમર્સના ખાતામાં જાય છે, પરંતુ યુઝરને કોઈ સત્તાવાર કન્ફર્મેશન મળતું નથી. ઘણીવાર યુઝર્સને નકલી રસીદ આપી દેવામાં આવે છે, જેની હાઈવે પર કોઈ માન્યતા હોતી નથી. ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે કે હવે અસલી અને નકલી વેબસાઈટ વચ્ચે તફાવત પારખવો મુશ્કેલ બની રહ્યો છે. આવા સાયબર ફ્રોડથી બચવા માટે એનએચએઆઈએ કેટલીક મહત્ત્વની એડ્વાઈઝરી જારી કરી છે. યુઝર્સને સલાહ આપવામાં આવી છે કે ફાસ્ટેગ એન્યુઅલ પાસ જેવી સેવાઓ માટે હંમેશા સત્તાવાર રાજમાર્ગયાત્રા એપનો જ ઉપયોગ કરવો. આ ઉપરાંત, ઓનલાઈન સર્ચ કરતી વખતે સ્પોન્સર્ડ લિંક કે અજાણી જાહેરાતો પર ક્લિક કરવાનું ટાળવું જોઈએ. કોઈપણ ચૂકવણી કરતાં પહેલા વેબસાઈટનું યુઆરએલ બે વાર ચેક કરવું અને ક્યારેય પણ પોતાનો ઓટીપી, કાર્ડ ડિટેલ્સ કે લોગિન પાસવર્ડ કોઈની સાથે શેર ન કરવા. જો કોઈ વેબસાઈટ શંકાસ્પદ જણાય તો તરત જ તેને બંધ કરી દેવી હિતાવહ છે.

વડોદરામાં 'પોસ્ટર વોર': ભાજપના ગઢમાં જ ગાબડું?

# માંજલપુરમાં મતદાન પૂર્વે 'આયાતી' ઉમેદવારનો ઉગ્ર વિરોધ : ખળભળાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરામાં સ્થાનિક રાજકારણનો ગરમાવો હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે માંજલપુર વિસ્તારમાં સામે આવેલા વિરોધના સુરથી રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચી ગયો છે. અહીં 'વડોદરા જાગૃતિ સમિતિ'ના નામે ઠેર-ઠેર બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે, જેમાં મતદારોને સ્પષ્ટ અપીલ કરવામાં આવી છે કે તેઓ માત્ર સ્થાનિક ઉમેદવારને જ પસંદ કરે અને 'આયાતી' ઉમેદવારથી દૂર રહે. આ ઘટનાએ ભાજપના આંતરિક અસંતોષને જાહેરમાં લાવી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષના જ કેટલાક નારાજ નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા આ પોસ્ટર વોર શરૂ




કરવામાં આવ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. આ અગાઉ પણ જ્યારે ચૂંટણીની જાહેરાત થઈ હતી, ત્યારે વોર્ડ નંબર 18 માં એક વરિષ્ઠ નેતાએ જાહેરમાં જ આયાતી ઉમેદવારનો વિરોધ કરવા માટે કાર્યકર્તાઓને હાકલ કરી હતી. તે વિવાદ હજુ શમ્યો નથી ત્યાં જ મતદાનના આગલા દિવસે માંજલપુરમાં લાગેલા આ બોર્ડ એ વિરોધની જ્વાળામાં ઘી હોમવાનું કામ કર્યું છે. માંજલપુરના મુખ્ય માર્ગો અને સોસાયટીઓ બહાર લાગેલા આ બેનરોમાં લખવામાં આવ્યું છે કે, "સ્થાનિક ઉમેદવારને મતદાન કરશો, આયાતી ઉમેદવારને મતદાન કરવાથી દૂર રહેશો." આ પ્રકારના લખાણથી મતદારોમાં પણ અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. ચૂંટણી ટાણે જ ઘર આંગણે ઉભો થયેલો આ વિરોધ પક્ષના સત્તાવાર ઉમેદવાર માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. હાલમાં આ પોસ્ટરો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે માંજલપુર બેઠક પરના ચૂંટણીના સમીકરણોમાં મોટો પલટો આવવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કે લોકશાહીનો અવાજ, આ વિવાદ હવે મતપેટીમાં શું પરિણામ લાવે છે તે જોવું રહ્યું.

વોર્ડ નં. 16માં કાંટાની ટક્કર

# વર્ષોથી કોંગ્રેસ પાસેની બેઠક છીનવવા ભાજપના પ્રયાસો

**ચંદ્રકાંત ભથ્થુના** એકચક્રી શાસન સાથે ભાજપે જોર લગાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ વોર્ડ નં. 16માં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કડક રાજકીય ટક્કર સર્જાઈ છે. ચૂંટણીના અંતિમ તબક્કામાં શ્રીનાથ એરાઈઝ તથા આસપાસની સોસાયટીઓના અંદાજે 150 જેટલા રહીશો કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુ)ના સમર્થનમાં જોડાતા સ્થાનિક રાજકીય સમીકરણોમાં નવી ગરમાવો જોવા મળી રહ્યો છે. વોર્ડ નં. 16 લાંબા સમયથી રાજકીય રીતે સંવેદનશીલ અને સ્પર્ધાત્મક વિસ્તાર ગણાય છે. આ વખતે પણ બંને મુખ્ય પક્ષો દ્વારા જીત મેળવવા માટે સંગઠનાત્મક સ્તરે જોરદાર પ્રયાસો હાથ ધરાયા છે. ભાજપ માટે આ બેઠક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જ્યારે કોંગ્રેસ સ્થાનિક મુદ્દાઓને આધાર બનાવી મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિક સ્તરે પાણી, રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓ અંગે રહેવાસીઓમાં અસંતોષની ચર્ચાઓ વચ્ચે ચૂંટણી વધુ રસપ્રદ બની છે. ચૂંટણીના અંતિમ દિવસોમાં આવા સામૂહિક જોડાણો મતદારોના મનોભાવ પર અસર કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકીય નિરીક્ષકોના મત મુજબ વોર્ડ નં. 16માં આ વખતની ચૂંટણી સીધી ટક્કરરૂપ બની છે અને અંતિમ પરિણામ મતદાન ટકાવારી, સ્થાનિક મુદ્દાઓ અને બંને પક્ષોની મેદાની સક્રિયતા પર નિર્ભર રહેશે.

વડોદરામાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત, આચારસંહિતાનો કડક અમલ શરૂ

# પાલિકાની દબાણ શાખાએ વિવિધ વિસ્તારમાંથી રાજકીય બેનરો ઉતાર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા મહાનગર સેવા સદનની પ્રતિષ્ઠાભરી ચૂંટણી માટેનો જાહેર પ્રચાર આજે સાંજે નિર્ધારિત સમયમર્યાદા સાથે પૂર્ણ થયો છે. પ્રચારના પડઘમ શાંત થતાની સાથે જ શહેર વહીવટી તંત્ર અને ચૂંટણી પંચ સજ્જ બન્યું છે. મતદાનના આખરી કલાકો પૂર્વે સમગ્ર શહેરમાં ચૂંટણી આચારસંહિતાનો ચુસ્ત અમલ કરાવવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. ચૂંટણી નિષ્પક્ષ, પારદર્શી અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા આજે મેદાનમાં ઉતરી હતી. પ્રચાર પૂર્ણ થતાની સાથે જ દબાણ શાખાની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. ખાસ કરીને આર.વી. દેસાઈ રોડ અને તેની આસપાસના વિસ્તારોમાં



વિશેષ ઝુંબેશ ચલાવીને જાહેર માર્ગો, ડિવાઈડરો અને વીજળીના થાંભલાઓ પર લટકતા રાજકીય પક્ષોના બેનરો, હોર્ડિંગ્સ અને પોસ્ટરોને યુદ્ધના ધોરણે દૂર કરવામાં આવ્યા હતા. આ કામગીરી અંગે માહિતી આપતા દબાણ શાખાના અધિકારીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચના નિયમોનુસાર પ્રચારની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવાર જાહેર મિલકતો પર પોતાની પ્રચાર સામગ્રી રાખી શકે નહીં. અમે તમામ ગેરકાયદેસર બેનરો અને પોસ્ટરો જપ્ત કરવાની કામગીરી શરૂ કરી છે. શહેરના તમામ 19 વોર્ડમાં આ ઝુંબેશ સતત ચાલુ રહેશે. વહીવટી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે, જો હવે પછી કોઈ પણ પક્ષ દ્વારા આચારસંહિતાનો ભંગ કરવામાં આવશે અથવા છૂપી રીતે પ્રચાર કરવાનો પ્રયાસ થશે, તો તેમની સામે ચૂંટણી નિયમો હેઠળ કડક કાયદેસરના પગલાં લેવામાં આવશે. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે મતદાનના દિવસે મતદારો કોઈ પણ પ્રકારના બાહ્ય દબાણ કે પ્રચારથી પ્રભાવિત થયા વગર મુક્ત મનથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. શહેરભરમાં પોલીસ પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે અને સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ વોચ રાખવામાં આવી રહી છે.

RTO Traffic challanની APK આવે તો ચેતજો

# રેલ્વેના સુપરવાઈઝર સાથે રૂપિયા 12.86 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા શહેરના ન્યુ સમા રોડ વિસ્તારમા રહેતા અને એક રેલ્વેના કર્મચારીને વોટ્સએપ પર મોકલવામાં આવેલી "RTO ટ્રાફિક ચલાન" નામની APK ફાઈલ ડાઉનલોડ કરાવી તેમના બેંક ખાતામાંથી 12.86 લાખ રૂપિયા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપીંડી આચરવામાં આવી છે. ન્યુ સમા રોડ વિસ્તારમાં આવેલા નિશિગંદ ફ્લેટમા રજનીશ સુરેશચંદ્ર સોની (ઉ.વ.50), જે રેલ્વેમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે તેઓએ નોધાવેલી ફરિયાદ મુજબ, તા. 18 જાન્યુઆરી 2026ના રોજ તેમના વોટ્સએપ નંબર પરથી "RTO ટ્રાફિક ચલાન" નામની APK ફાઈલ મોકલવામાં આવી હતી. તેઓ ભાઈની ગાડી લઈને આવ્યા હોય અને ટ્રાફિક ભંગની શંકા જતા તેમણે ફાઈલ ડાઉનલોડ કરી હતી. જોકે, તેમણે તેમાં કોઈ વ્યક્તિગત માહિતી દાખલ કરી નહોતી. ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ સાંજે લગભગ 6 વાગ્યે તેમનું સિમ કાર્ડ અચાનક બંધ થઈ ગયું અને મોબાઈલ પણ બ્લોક થઈ ગયો હતો. બાદમાં તેમણે રેલ્વે કંટ્રોલ અને DRM ઓફિસનો સંપર્ક કરતા ત્યાંથી સિમ કાર્ડ ફરી શરૂ કરવામાં આવ્યું હતુ. ત્યારે જાણવા મળ્યું હતું કે 7 ફેબ્રુઆરીએ તેમના ખાતામાંથી EMI તરીકે રૂ. 24,427 કપાયા હતા જેથી તેઓ બેંકમાં તપાસ કરવા ગયા, જ્યાં ચોંકાવનારી માહિતી સામે આવી હતી. જેમા રેલવેના સુપરવાઈઝરના નામે રૂ. 12.86 લાખથી વધુની પર્સનલ લોન લેવામાં આવી છે અને આ રકમ અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમાંથી મોટો ભાગ ઈન્ડિયન બેંકના એક ખાતામાં મોકલાયો હતો. સુપરવાઈઝરે કહ્યું હતું કે તેમણે કોઈ લોન લીધી નથી અને સાયબર માફીયાઓ દ્વારા તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

# સાકરદાના સ્વસ્તિક એસ્ટેટમાં કંપનીના ગોડાઉનમાંથી ચોરી

વડોદરાઃ વડોદરા નજીક સાકરદા ગામ ખાતે આવેલા સ્વસ્તિક એસ્ટેટમાં ગોડાઉનમાં ત્રાટક્યા હતા. ચોરોએ 6 જૂની પાણીની મોટર 30 હજાર, 7 સ્ટેનલેસ સ્ટીલ પંપ રૂ.1.40 લાખ અને 4 વાલ્વ રૂ. 4 હજાર સહિત રૂ.1.74 લાખનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મૂળ જૂનાગઢના અને છાણી કેના રોડ પર આવેલા ક્રિષ્ના પ્લેનેટમાં રહેતા ખુશાલભાઈ હરિભાઈ વેકરીયા રણોલી GIDC ખાતે આવેલી વલ્લભા ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ એન્જિનિયર્સ પ્રા. લિ.માં એન્જિનિયર તરીકે છેલ્લા 12 વર્ષથી ફરજ બજાવે છે. તેમણે નોંધાવેલી ફરીયાદ મુજબ, 23 એપ્રિલના રોજ તેઓ સુરત ખાતે કામથી ગયા હતા. ત્યારે કંપનીના વર્કર દ્વારા જાણ કરવામાં આવી હતી કે સાકરદા ગામના ગોડાઉનમાં ચોરી થઈ છે. ગોડાઉન પર પહોંચતા પાછળના દરવાજાનું તાળું તૂટેલું હતુ. આ બનાવ અંગે નંદેસરી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કર્ણાવતી એક્સપ્રેસ 31 જુલાઈ સુધી બાંદ્રા ટર્મિનસથી શરૂ/સમાપ્ત થશે

# વંદે ભારતમાં 28 એપ્રિલથી 20 કોચ રેક સાથે કાયમી ધોરણે કાર્યરત થશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. 22961/22962 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અને ટ્રેન નં. 12933/12934 વટવા/અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસમાં કાર્યરત ફેરફારો ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ રેલવે દ્વારા જણાવ્યા અનુસાર, ટ્રેન નં. 22961/22962 વંદે ભારત એક્સપ્રેસમાં 16 કોચથી 20 કોચનો કામચલાઉ વધારો, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો, તે હવે 28 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થયા પછી કાયમી કરવામાં આવશે.

ચાર કોચમાં ત્રણ ચેર કાર કોચ અને એક એક્ઝિક્યુટિવ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. વધુમાં માહિતી આપી હતી કે ટ્રેન નં. 12933/12934 કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલમાં કામચલાઉ ફેરફાર, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો, તે હવે 31 જુલાઈના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તે મુજબ, આ સમયગાળા દરમિયાન, ટ્રેન મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે/ઉપડશે. ટ્રેન નં. 12933 બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસથી બપોરે 1:55 વાગ્યે ઉપડશે.

જ્યારે ટ્રેન નં. 12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસ ખાતે બપોરે 1:30 વાગ્યે પહોંચશે. રૂટ પરના સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. વધુમાં, કર્ણાવતી એક્સપ્રેસમાં આ સમયગાળા દરમિયાન એક એસી ચેર કાર કોચ સાથે કામચલાઉ ધોરણે વધારો કરવામાં આવશે અને હાલના 21 કોચને બદલે 22 એલએચબી કોચ સાથે દોડશે.

# સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટને ૧૨૮ કરોડના નવા ઓર્ડર

વડોદરાઃ સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટ લિમિટેડને હૈદરાબાદ સ્થિત કંપનીઓ પાસેથી કુલ ૧૨૮ કરોડના ચાર મહત્વપૂર્ણ ઓર્ડર મળ્યા છે. આ ઓર્ડરો મળતા કંપનીની ઓર્ડર પાઈપલાઈન વધુ મજબૂત બની છે અને નજીકના ગાળામાં આવક અંગે વધુ સ્પષ્ટતા ઉભી થઈ છે. ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રાપ્ત થયેલા ઓર્ડરો મુજબ કંપનીને ૫૧.૩૦ કરોડના ૨૦ એમવીએ, ૧૧૦/૩૩-૧૧ કેવી પાવર ટ્રાન્સફોર્મર્સના સપ્લાયનો ઓર્ડર મળ્યો છે, જે આશરે ૧૩ મહિનામાં પૂર્ણ થશે. ઉપરાંત ૨૩.૩૦ કરોડના ૧૬૦ એમવીએ, ૨૨૦ કેવી ટ્રાન્સફોર્મરના સપ્લાયનો પણ ઓર્ડર મળ્યો છે, જેનો અમલીકરણ સમયગાળો પણ આશરે ૧૩ મહિના છે. તે જ રીતે ૧૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રાપ્ત થયેલા ઓર્ડરોમાં ૩૯.૯૦ કરોડના ૨૦ એમવીએ, ૧૧૦/૩૩-૧૧ કેવી પાવર ટ્રાન્સફોર્મર્સના સપ્લાયનો ઓર્ડર સામેલ છે, જે આશરે ૧૭ મહિનામાં પૂર્ણ થશે. ઉપરાંત ૧૩.૫૦ કરોડના ૧૧૨.૫ એમવીએ, ૩૩૦ કેવી ટ્રાન્સફોર્મરના સપ્લાયનો ઓર્ડર મળ્યો છે.

લોહીની ઉલટીઓ થતા જીવ ગુમાવ્યો

# વડોદરાની સયાજી હોસ્પિટલના કેમ્પસમાં 35 વર્ષીય યુવકનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરાની સયાજી હોસ્પિટલના પ્રાંગણમાં આજે એક કરુણ ઘટના સામે આવી છે. હોસ્પિટલના પરિસરમાંથી પસાર થઈ રહેલા એક 35 વર્ષીય યુવકનું અચાનક તબિયત લથડતા અને લોહીની ઉલટીઓ થતા ગણતરીની મિનિટોમાં જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે હોસ્પિટલ કેમ્પસમાં ચકચાર મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ રંજન કુમાર ઈન્દ્રદેવસિંહ તરીકે થઈ છે. આજે સવારે આ યુવક સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમની પાછળ આવેલી શૌચાલયની નજીકથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન તેને અચાનક ગંભીર બિમારીનો હુમલો આવ્યો હોય તેમ અતિશય લોહીની ઉલટીઓ થવા લાગી હતી. કંઈ પણ સમજી શકાય તે પહેલા જ તે જમીન પર ઢળી પડ્યો હતો. આસપાસના લોકો અને હોસ્પિટલના કર્મચારીઓએ યુવકને અસ્વસ્થ હાલતમાં જોઈને તાત્કાલિક સારવાર માટે ખસેડવાના પ્રયાસો હાથ ધર્યા હતા. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તપાસતા તેને મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલના પ્રાંગણમાં જ આવી ઘટના ઘટતા લોકોમાં ભારે આઘાત જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતકનો કબ્જો મેળવીને લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી છે. યુવકને અગાઉથી કોઈ ગંભીર બિમારી હતી કે અન્ય કોઈ કારણસર લોહીની ઉલટીઓ થઈ, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવારજનોની શોધખોળ કરવામાં આવી રહી છે, જેથી આ મૃત્યુ પાછળના ચોક્કસ કારણો જાણી શકાય.

**વિશ્લેષણ** મે મહિનામાં સૂર્ય-મંગળ-બુધની કૃપાથી ચાર રાશિઓ પર થશે ધનવર્ષા! : મંગળ અને બુદ્ધિના દાતા બુધ પણ પોતપોતાની ચાલમાં પરિવર્તન લાવશે

# આકાશમાં રચાશે 'ત્રિગ્રહી' જંગ : સૂર્યનું તેજ અને મંગળનું સાહસ પલટશે નસીબની રેખાઓ

વડોદરા : વડોદરા એપ્રિલ મહિનો પૂર્ણતાના આરે છે ત્યારે જ્યોતિષની દ્રષ્ટિએ આગામી મે 2026નો મહિનો અત્યંત હલચલ મચાવનારો સાબિત થશે. અવકાશી ગ્રહમંડળમાં મે મહિના દરમિયાન ત્રણ મોટા ગ્રહો - સૂર્ય, મંગળ અને બુધ પોતાની સ્થિતિ બદલવા જઈ રહ્યા છે. આ ગ્રહોના 'મહાગોચર'ને કારણે એક દુર્લભ સંયોગ સર્જાઈ રહ્યો છે, જેની સીધી અસર તમામ 12 રાશિઓ પર પડશે. જોકે, જ્યોતિષીય ગણતરી મુજબ 4 ભાગ્યશાળી રાશિઓ માટે આ સમય 'ગોલ્ડન પિરિયડ' સાબિત થશે, જેમાં તેમને આર્થિક લાભ સાથે કરિયરમાં પણ મોટી ઉંચાઈઓ મળશે.મે મહિનામાં ગ્રહોના રાજા ગણાતા સૂર્ય દેવ પોતાની રાશિ બદલશે. તેની સાથે જ સાહસ અને ઉર્જાના કારક મંગળ અને બુદ્ધિના દાતા બુધ પણ પોતપોતાની ચાલમાં પરિવર્તન લાવશે. જ્યારે આ ત્રણેય પ્રભાવશાળી ગ્રહો અનુકૂળ સ્થિતિમાં હોય છે, ત્યારે વ્યક્તિના જીવનમાં આર્થિક સ્થિરતા, પદ અને પ્રતિષ્ઠામાં અચાનક ઉછાળો જોવા મળે છે.

## આ રાશિના જાતકોની કિસ્મત એકાએક પલટાશે

**1. મેષ રાશિ:** કરિયરમાં નવા શિખરો સર થશે મેષ રાશિના જાતકો માટે મે મહિનો ઉપલબ્ધિઓનો રહેશે. મંગળનું ગોચર તમારા આત્મવિશ્વાસમાં અપ્રત્યક્ષ વધારો કરશે.

**નોકરી:** કાર્યક્ષેત્રમાં તમે મુશ્કેલ પ્રોજેક્ટ્સ સરળતાથી પૂર્ણ કરી શકશો.

**વ્યવસાય:** વેપારી વર્ગને કોઈ મોટી વિદેશી ડીલ અથવા નફાકારક રોકાણની તક મળી શકે છે.

**2.સિંહ રાશિ:** સમાજમાં દબદબો અને આર્થિક સમૃદ્ધિ

સિંહ રાશિના સ્વામી સૂર્ય હોવાથી, મે મહિનામાં તેમની મજબૂત સ્થિતિ આ રાશિના જાતકોને રાજવી સુખ અપાવશે.

**સંપત્તિ:** પોતાના પૂર્વજોની મિલકતને લગતા વિવાદોનો ઉકેલ આપશે અને આર્થિક લાભ થશે.

**સન્માન:** સામાજિક સ્તરે તમારી પ્રતિષ્ઠા વધશે અને રાજકીય લાભના પણ યોગ છે.

**3. કન્યા રાશિ:** બૌદ્ધિક ક્ષમતાથી થશે આર્થિક ઉન્નતિ પણ થશે.બુધના પ્રભાવ હેઠળ કન્યા રાશિના જાતકો પોતાની વાકચતુરાઈથી અટકેલા કામો પાર પાડી શકશે.

**શિક્ષણ:** વિદ્યાર્થીઓ માટે આ સમય વરદાન સમાન છે, સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે.

**રોકાણ:** બુદ્ધિપૂર્વક કરેલું રોકાણ ભવિષ્યમાં મોટો આર્થિક ફાયદો કરાવશે.

**4. ધનુ રાશિ:** ભાગ્યનો સો ટકા સાથ

ધન રાશિ માટે આ સમય સુવર્ણ કાળ સાબિત થઈ શકે છે. ભાગ્યનો સિતારો બુલંદ હોવાથી દરેક ક્ષેત્રમાં પ્રગતિ થશે.

**યાત્રા:** વિદેશ પ્રવાસ કે લાંબા અંતરની ધાર્મિક યાત્રાના યોગ છે, જે માનસિક શાંતિ અને આર્થિક લાભ બંને આપશે.

**અટકેલા કામ:** જાતકના વર્ષોથી અટવાયેલા નાણાં પરત મળવાની શક્યતા છે.

## જ્યોતિષના આધારે સાવચેતી અને ઉપાયો

ગ્રહો સાથ આપી રહ્યા હોય ત્યારે આળસ સૌથી મોટી દુશ્મન સાબિત થઈ શકે છે. જ્યોતિષીઓ સલાહ આપે છે કે મળેલી તકોનો સમયસર લાભ લેવો જોઈએ.

**શુભ ફળ માટે:** દરરોજ સવારે સૂર્યદેવને જળ અર્પણ કરવું અને તમારા ઇષ્ટદેવની આરાધના કરવી.

"જ્યારે સૂર્ય, મંગળ અને બુધ જેવા ઉર્જાવાન ગ્રહો એકસાથે અનુકૂળ રાશિમાં ભ્રમણ કરે છે, ત્યારે તે રાજયોગ સમાન ફળ આપે છે. મે 2026 માં બની રહેલો આ સંયોગ મેષ, સિંહ, કન્યા અને ધન રાશિ માટે ભાગ્યોદયકારક રહેશે. આ સમયગાળામાં કરેલી મહેનત આવનારા અનેક વર્ષો સુધી આર્થિક સુરક્ષા પ્રદાન કરી શકે છે."

**પ્રદીપ પંડ્યા** જ્યોતિષાચાર્ય

વડોદરાના દશરથ ગામમાં નેતાઓના ઠાલા વચનોથી જનતામાં ભારે રોષ

# છેલ્લા ૩૫ વર્ષથી નળ છે, જળ નથી, 'સ્માર્ટ સિટી'ની વરવી વાસ્તવિકતા?

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરથી માત્ર 10 કિલોમીટરના અંતરે આવેલું દશરથ ગામ આજે વિકાસની વાતો વચ્ચે પણ પાયાની જરૂરિયાત એવી પાણીની સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે. એક તરફ સરકાર 'નળ સે જળ' યોજના હેઠળ દરેક ઘર સુધી પાણી પહોંચાડવાના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ દશરથ ગામના લોકો છેલ્લા 35 વર્ષથી પીવાના પાણીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગ્રામજનોની ફરિયાદ છે કે ગામની ટાંકીઓમાં જે પાણી આવે છે તે પીવાલાયક હોતું નથી, તેનો ઉપયોગ માત્ર વાસણ માંજવા કે કપડાં ધોવા માટે જ થઈ શકે છે. પીવાના પાણી માટે તો તેમને બહારથી જ પાણી ભરી લાવવું પડે છે. ગામના સ્થાનિકો પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, "અમારી



જન્મભૂમિ આ ગામ છે અને ત્યારથી અમે આ સમસ્યા જોઈ રહ્યા છે. અમારા દીકરા દીકરીઓ જ્યારે શાળાએ જતા હોય ત્યારે પણ તેને પહેલા પાણી ભરવા આવવું પડે છે." ગામના સ્થાનિકોને વધુમાં જણાવ્યું કે, "ચૂંટણી સમયે દરેક પક્ષના નેતાઓ આવે છે અને પાણીની સમસ્યા હલ કરવાનું આશ્વાસન આપે છે, પરંતુ ચૂંટણી પત્યા પછી કોઈ ડોકાતું પણ નથી. મોટા નેતાઓએ પણ વચનો આપ્યા હતા પણ હજુ સુધી નળમાં પીવાનું પાણી આવ્યું નથી." આ મામલે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓનું કહેવું છે કે મહી નદી આધારિત 'વડોદરા નોર્થ ઝોન સ્કીમ' 2021થી કાર્યરત છે અને તે અંતર્ગત દશરથ સહિતના 39 ગામોને પાણી પહોંચાડવામાં આવે છે. અધિકારીઓના મતે, પાણી શુદ્ધ અને પીવાલાયક છે, પરંતુ ગ્રામજનો વર્ષોથી જીએસએફસીનું પાણી પીવા ટેવાયેલા હોવાથી તેઓ સરકારી પાણીનો સ્વીકાર કરતા નથી. વિભાગ દ્વારા પાણીના રિપોર્ટ પણ આપવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. જોકે, અધિકારીઓના દાવા અને લોકોની હાલાકી વચ્ચે મોટું અંતર જોવા મળી રહ્યું છે.